# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 06-08-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## પ્રધનમંત્રી : કર્તવ્ય ભવન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં કર્તવ્ય પથ પર સ્થિત કર્તવ્ય ભવન-3નું ઉદ્ઘાટન કરશે. પ્રધાનમંત્રી આ પ્રસંગે એક જાહેર કાર્યક્રમને પણ સંબોધિત કરશે. કર્તવ્ય ભવન-3 એ સેન્ટ્રલ વિસ્ટાના વ્યાપક નવીનીકરણનો એક ભાગ છે.

વહીવટી પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા અને શાસનને ચુસ્ત અને વધુ કાર્યક્ષમ બનાવવાના હેતુથી આવનારી અનેક સામૂહિક કેન્દ્રીય સચિવાલય ઇમારતોમાંની આ પ્રથમ ઇમારત છે.

કર્તવ્ય ભવન-૩ એ એક આધુનિક સાત માળનું ઓફિસ સંકુલ છે જે લગભગ 1.5 લાખ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે. તેમાં ગૃહ, વિદેશ, ગ્રામીણ વિકાસ, સૂક્ષ્મ લઘુ અને મધ્યમ ઉદ્યોગો, કર્મચારી અને તાલીમ વિભાગ, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ સહિતના મુખ્ય મંત્રાલયો અને મુખ્ય વૈજ્ઞાનિક સલાહકારના કાર્યાલયો હશે.

આ ઇમારત વીજળી બચત અને રિસાયક્લિંગ સુવિધાઓમાં અગ્રણી બનશે, જેનાથી 30 ટકા ઉર્જા બચત થશે અને વાર્ષિક પાંચ લાખ યુનિટથી વધુ વીજળી ઉત્પન્ન થશે.

------------------------------------------------------------------------------------------------

## ભારત – ફિલિપાઇન્સ – સમજૂતી કરાર

ભારત અને ફિલિપાઈન્સ વચ્ચે ગઇકાલે નવ સમજૂતી કરાર પર હસ્તાક્ષર થયા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ફિલિપાઈન્સના રાષ્ટ્રપ્રમુખની ઉપસ્થિતિમાં આ કરાર કરાયા હતા.

કરારમાં બંને દેશ વચ્ચે રાજદ્વારી ભાગીદારી, ગુનાહિત બાબતો, સંરક્ષણ, વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી સહિત અન્ય ક્ષેત્રમાં પરસ્પર કાનૂની સહાય સંધિ સામેલ છે.

માધ્યમો સાથે વાતચીત કરતા પ્રધાનમંત્રીએ કહ્યું, બંને દેશ પોતાના રાજદ્વારી સંબંધોની 75-મી વર્ષગાંઠ ઉજવી રહ્યા છે, તેવા સમયે ફિલિપાઈન્સના રાષ્ટ્રપ્રમુખના પ્રવાસનું વિશેષ મહત્વ છે. શ્રી મોદીએ પહલગામ આતંકી હુમલાની આકરી ટિકા કરવા અને આતંકવાદ સામેની લડાઈમાં ભારતને સાથ આપવા બદલ ફિલિપાઈન્સ સરકાર અને રાષ્ટ્રપ્રમુખનો આભાર વ્યક્ત કર્યો.

---------------------------------------------------------------------------------------------------

## સમાન નાગરિક સંહિતા

સમાન નાગરિક સંહિતાની જરૂરિયાત ચકાસવા રચાયેલી સમિતિ એક મહિનામાં પોતાનો અહેવાલ મુખ્યમંત્રીને સુપરત કરી શકે છે.

ગાંધીનગરમાં ગઇકાલે મુખ્યમંત્રી સાથેની બેઠક બાદ યુસીસી સમિતિના વડા રંજના દેસાઈએ જણાવ્યું કે UCCની જરૂરિયાત ચકાસવા હવે વધુ કોઈ એક્સ્ટેન્શનની જરૂર નથી. અત્યાર સુધી યોજાયેલી તમામ બેઠકના રેકોર્ડ રખાયા છે. આ અંગે વધુ માહિતી આપતા પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે સમિતિને સવા લાખથી વધુ રજૂઆતો મળી છે.

---------------------------------------------------------------------------------------------------

## રાજ્ય : નકલી દવા ચકાસણી

રાજ્યમાં બહારથી આવતી ડુપ્લીકેટ અને નકલી દવાઓની સઘન ચકાસણી માટે રાજ્ય સરકાર દ્વારા SOP તૈયાર કરાશે. સત્તાવાર યાદીના જણાવ્યા મુજબ, SOP અમલીકરણ સાથે નકલી દવાઓ સામે કડક કામગીરી કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બનશે.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આ અંગે વધુ માહિતી આપતાં જણાવ્યું કે, છેલ્લા ૪ વર્ષમાં રાજ્યમાં બનાવટી દવાઓ અને કોસ્મેટીક બનાવટો સામે દરોડા પાડીને આશરે ૬ કરોડ રૂપિયાથી વધુની નકલી બનાવટો જપ્ત કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------------

## કચ્છ : સંસ્કૃત મહોત્સ્વ

કેન્દ્રીય છે. ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ ગાંધીનગર દ્વારા આજથી ત્રિ-દિવસીય સંસ્કૃત મહોત્સવ અંતર્ગત **સંસ્કૃત ગૌરવ યાત્રાને આજે સવારે ૯ વાગ્યે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે પ્રસ્થાન આપવામાં આવશે. આ યાત્રાનો ઉદ્દેશ્ય દેવ ભાષા અને ભારતીય સંસ્કૃતિનું ગૌરવ એવી સંસ્કૃત ભાષાનો પ્રચાર અને પસાર થાય તેવો છે. આવતીકાલે સમગ્ર જીલ્લાની વિવિધ કચેરીઓ અને શાળાઓમાં, મહાશાળાઓ " સંસ્કૃત સંભાષણ દિવસ"ની ઉજવણી થનાર છે.જે અંતર્ગત વિવિધ સંસ્કૃત વિષયક સ્પર્ધાઓ તેમજ શુભેચ્છા સંદેશાઓની સંસ્કૃતમાં આપ-લે થાય અને વાતાવરણ સંસ્કૃતમય બની રહેશે. 8 મી ઓગસ્ટના ગુરુવારના સંસ્કૃત સાહિત્ય દિવસ અંતર્ગત કચ્છ યુનિવર્સિટી ખાતે સંસ્કૃત સાહિત્ય પ્રદર્શની તેમજ ભગવદ્દગીતા, શ્લોક ગાન, સ્પર્ધાનું આયોજન કરાયું છે.**

---------------------------------------------------------------------------------------------------

## મુન્દ્રા : સામાન્ય સભા

મુન્દ્રા નગરપાલિકાની ગઇકાલે મળેલી સામાન્ય સભામાં 8.49 કરોડની પુરાંતવાળા એકાઉન્ટ વિભાગના ત્રિમાસિક હિસાબો તથા વાર્ષિક હિસાબોને બહાલી અપાઈ હતી, સાથે નગરસેવકો દ્વારા થયેલી રજૂઆતો પર પ્રશ્નો ઉકેલવાની ખાતરી ઉચ્ચારાઈ હતી. નગર અધ્યક્ષાની અધ્યક્ષતામાં મળેલી આ સભામાં મોટાભાગના ઠરાવોને સર્વાનુમતે બહાલી અપાઇ હતી. જેમાં મિનિટ્સ, હિસાબો ઉપરાંત શહેરી વિકાસ યોજનાની ગ્રાન્ટનું આયોજન, એસબીએમ ગ્રાન્ટ અન્વયે કામો, સડક યોજના -રોડ રિસર્ફેસિંગના ગ્રાન્ટના ઠરાવોને બહાલી આપવામાં આવી હતી.

---

## કચ્છ – ઇ-રિક્ષા : લોકાર્પણ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત મિશન હેઠળ ગ્રામીણ કક્ષાએ ડોર ટુ ડોર કચરાના એકત્રિકરણ અર્થે 40 ગ્રામ પંચાયતને ફાળવાયેલી ઈ-રિક્ષાનું ગઇકાલે જિલ્લા પંચાયત ભવન ખાતે પ્રમુખ જનકસિંહ જાડેજા તેમજ જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં આ ઈ-રિક્ષાનું પ્રસ્થાન કરાવાયું હતું.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી કચ્છ દ્વારા સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ હેઠળ 40 ગ્રામ પંચાયતને આ ઈ-રિક્ષાની ફાળવણી કરવામાં આવી હતી. અંજાર તાલુકામાં પાંચ, ભચાઉ તાલુકામાં 10, ભુજ તાલુકામાં 10, માંડવીમાં પાંચ, મુંદરામાં છ અને નખત્રાણા તાલુકામાં ચાર એમ કુલ્લ 40 ઈ-રિક્ષા વિવિધ ગ્રામ પંચાયતના સરપંચોને સુપરત કરાવામાં આવી હતી.

---